#060

નમ્રતા: A Powerful Tool 😃

નમ્રતા એટલે પોતાને નાનો બનાવવો એમ નહીં, પણ પોતાના અંદરના અહંકારને નાનો બનાવવો.

આજના સમયમાં લોકો માન માટે શક્તિ, પૈસા અને પદ પાછળ દોડે છે,
પણ સાચું માન તો નમ્ર સ્વભાવથી જ મળે છે.

ફળથી ભરેલું ઝાડ ક્યારેય ઊભું તાણીને નથી રહેતું…
તે નમતું જાય છે.
એજ રીતે, સાચો જ્ઞાનવાન અને સફળ માણસ જેટલો ઊંચો જાય,
એટલો જ વધુ નમ્ર બને છે.

નમ્રતા માણસને સૌના દિલોમાં સ્થાન અપાવે છે.
તે સંબંધોને મજબૂત બનાવે છે,
વિશ્વાસ વધારે છે
અને આપણું વ્યક્તિત્વ તેજસ્વી બનાવે છે.

મિત્રો, યાદ રાખીએ—
અહંકારથી આપણે લોકો પર મન ધારી અસર કરી શકીએ,
પણ નમ્રતાથી લોકોના દિલ જીતી શકીએ.

ચાલો, આજે નક્કી કરીએ—
બોલવામાં મીઠાશ, વર્તનમાં સાદગી અને હૃદયમાં નમ્રતા રાખવી છે. કારણ કે નમ્રતા માણસને સાચું માન અપાવે છે. ✨